**ORDER UNDER EX.1 IN C.C. NO. 48159 /2020**

**આરોપી સામે ઈ.પી.કો. ક. ૨૮૩ મુજબનુ ચાર્જશીટ પોલીસે તપાસના અંતે રજુ કરેલ છે. જેમા સજાની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો રૂા.૨૦૦/– સુધીની જોગવાઈ છે. આરોપી સામે રાહદારી તથા ટ્રાફીકને મોટો ભય અકસ્માત થાય તે રીતે વાહન/લારી રાખવાનો આરોપ છે. પોલીસ ધ્વારા સ્થળ સબંધે કોઈ પંચનામુ કરેલ નથી, તેમજ સ્વતંત્ર ઈસમો કે જેઓને આરોપીના કૃત્યથી રસ્તા પર આવતા જતા અડચણ, તકલીફ, નુકશાન થયેલ હોય તેવા ઈસમનુ નિવેદન પણ નોંધેલ નથી. માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન રેકર્ડ પર છે. આરોપીએ જે વાહન/લારી કે તેના હવાલાવાળા સાધનથી ગુનો કરેલાનો આક્ષેપ છે, તેવુ કોઈ વાહન/લારી કે સાધન પોલીસે મુદ્દામાલ તરીકે કબજે કરેલ નથી. જેથી કબજો POSSESSION પુરવાર થતુ નથી. જે સબંધે નામદાર આંધ્રપ્રદેશનો ચુકાદો Hon'ble Judges:B.Seshasayana Reddy, J. Linga Venkateswarlu Versus State Of Andhra Pradesh CRIMINAL PETITION No. 2640 of 2004 ; *J.Date :- SEPTEMBER 4, 2006 ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, It is not the case of the complainant that the accused being in possession of any property have failed to take care of it and thereby endangering obstruction or injury to any person in any public way. …. Thus, taking cognizance of the case under Sec.283 IPC is wholly unsustainable.**

**વધુમા નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો Hon'ble Judges:A.B.Palkar, J. A.S.Phadnis Versus Sitaram Ganpat Surve of ; *J.Date :- AUGUST 12, 1997 ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,A mere reference to above stated Sections would go to show for no stretch of imagination the case of the Respondents would be covered by Sec.283 which pertains to public way or public line of navigation. Even**

**the facts stated in the complaint clearly show that there is no question of any public nuisance as is defined under Sec.268 and produced above. . …**
**Even assuming for while that there is some cause for the complainant to claim damages from the Petitioner, the allegations contained in the complaint do not make any criminal offence and therefore the learned Magistrate was not at all justified in taking cognizance of issuing process under Sections 268 and 283.**

**આમ આરોપી સામે રાહદારી તથા ટ્રાફીકને મોટો ભય અકસ્માત થાય તે રીતે વાહન/લારી રાખવાનો આરોપ હોવા છતા પોલીસ ધ્વારા સ્થળ સબંધે કોઈ પંચનામુ કરેલ ન હોઈ સ્વતંત્ર ઈસમો કે જેઓને આરોપીના કૃત્યથી રસ્તા પર આવતા જતા અડચણ, તકલીફ, નુકશાન થયેલ હોય તેવા ઈસમનુ નિવેદન પણ નોંધેલ ન હોઈ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન રેકર્ડ પર હોઈ આરોપીએ જે વાહન/લારી કે તેના હવાલાવાળા સાધનથી ગુનો કરેલાનો આક્ષેપ છે, તેવુ કોઈ વાહન/લારી કે સાધન પોલીસે મુદ્દામાલ તરીકે કબજે કરેલ ન હોઈ કબજો પુરવાર થતો ન હોઈ ઈ.પી.કો. ક. ૨૮૩ ના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોઈ આરોપી સામેની કાર્યવાહી ટકી શકે તેમ ન હોઈ આ અદાલત કોગ્નીઝન્સ લઈ શકે તેમ ન હોઈ આરોપીને ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮ અન્વયે બીન તહોમત મુકત કરવાનો હુકમ કરવામા આવે છે. આ હુકમ કોન્ટેસ્ટ થયેલ ન હોઈ આ કેસ અધર બાય જજમેન્ટ (ઓ.બી.જે.) મા ગણવાનો રહેશે.**

**તા. ૧૦ મી જુલાઈ ૨૧ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)**<br>**અ મ દા વા દ.** |
| | | **કોડ નંબર જી.જે. ૦૦૯૭૭** |